જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૨/૨૦૧૮ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૩૦૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૪૨૦ લીટર દેશી દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૩૦૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૩૦૭/૧૮**

**વસ્ત્રાપુર :** અકબરભાઇ નુરભાઇ ગુલીવાલા (ઉ.વ.૬૦)(રહે,મોટા બંબા જમાલપુર) એ તા.૧૨/૨/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૨/૨૦૧૬ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) અમીત પાઠક (૨) સ્વપ્નીલ (૩)મી.કવીંન્દ્રસિંગ (CEO)& મેનેજીંગ ડાયરેકટર (રહે,કોર્પોરેટર ઓફીસ, મહીન્દ્રા ટાવર ૧લો માળ “એ” વિંગ્સડો. જી.એમ .ભોસલે માર્ગ પી.કેકુરને ચોક વર્લી મુંબઇ તથા મહીન્દ્રા ટાવર બીજો માળ ૧૭-૧૮ પટુલોસ રોડ ચેન્નઇ અને (૪)રજનીશભાઇ પાંડે (ઓફીસ: ૩૦૫, સિગ્માએજં સીI.I.M રોડ પાંજરાપોળ) ભેગામળી એલીસબ્રીજ ગુજરાત કોલેજ સામે, હોટલ-૪ પોઇંટ/શેરેટોન ખાતે અકબરભાઇ ને મહીંદ્રા કંપનીના મેમ્બરશીપ માટે લોભામણી લાલચ આપી, જુદી-જુદી રીતે કુલ રૂપિયા ૩૨,૦૯૨/- મતાની ક્રેડિટ કાર્ડથી ચુકવણી કરાવ્યા બાદ કરાર મુજબ અકબરભાઇને મેમ્બરશીપ નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.વી.વાલાણી ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** ભાવેશભાઇ ભુપેન્દ્રભાઇ દરજી (ઉ.વ.૪૪)(રહે,અમર જ્યોત એપાર્ટમેન્ટ, ઔડા ગાર્ડન સામે, થલતેજ સોલા) એ તા.૧૨/૨/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી શ્રીપાલભાઇ ચીનુભાઇ શાહ (રહે,વિમલ એપાર્ટમેન્ટ, કેશવનગર સુભાષબ્રીજ) એ ભાવેશભાઇનાં ઘરે તેમજ નેહરૂનગર અને હોટલ ગ્રાન્ડ ભગવતી ખાતે ભાવેશભાઇ ને મલેશીયા ખાતેની કંપનીમાં જોડાવવાનું કહી, ભાવેશભાઇ પાસે થી કુલ રૂપિયા ૮,૫૦,૦૦૦/- નું રોકાણ કરાવી, ભાવેશભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.એમ.દેસાઇ ચલાવે છે.

**ઇસનપુર :** અમિતકુમાર જશવંતલાલ રાવલ (ઉ.વ.૩૬)(રહે,અંબિકા ટેનામેન્ટ, ઇસનપુર ન્યુ જશપાર્ક સામે, ઇસનપુર) એ તા.૧૨/૨/૧૮ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૪/૧૭ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી ભાવિક ગોવિદભાઇ શાહ (રહે, માતૃ સાંનિધ્ય ન્યુ મણીનગર) એ અમિતકુમાર ને તથા બીજા સાહેદોને જુદી-જુદી પોસ્ટ ઉપર નોકરી અપાવવાની તથા સારી જગ્યાએ બદલી કરી આપવાની લોભામણી લાલચ આપી, નોકરી અપાવવા માટે કુલ રૂપીયા ૩,૯૫,૦૦૦/- મેળવી લઇ, તમામ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી એન.એમ.પટેલ ચલાવે છે.

<u>**ઘરફોડઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૩૦૮/૧૮**</u>

**ઘાટલોડીયા :** દિલિપ કાન્તિલાલ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૫૯)(રહે,નિર્મલ એપાર્ટમેન્ટ,જયમંગલ બીઆર.ટી.એસ. ની સામે ૧૩૨ રીંગ રોડ, નારણપુરા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૧૮ સવારના ૦૭/૦૦ થી તા.૧૧/૨/૧૮ બપોરના ૧૨/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુતોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા કાંડા ઘડીયાળ અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૪,૪૦,૬૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી ડી.એચ.ગઢવી ચલાવે છે.

**ખાડીયા :** નુતનભાઇ હરીકેશભાઇ ત્રિવેદી (ઉ.વ.૫૨)(રહે,બઉઆની પોળ રાયપુર) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૨/૧૮ ના કલાક ૧૦/૦૦ થી બપોરનાં ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી (૧) સોનાની ચેઇન નંગ-૪ તથા સોનાની વીંટી નંગ-૪ કિંમત રૂપીયા ૫૫,૦૦૦/- (૨)હિરાનો કાફ નંગ-૨ કિંમત રૂપીયા ૮૨,૦૦૦/- (૩) ચાંદીની ઝાંઝર તથા કંકાવટી તથા મુર્તી તથા સિક્કા કિંમત રૂપીયા ૪૦૦૦/- (૪) રોકડ રૂપીયા ૪૦,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૮૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

<u>**સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૩૦૯/૧૮**</u>

**નરોડા :** દિવ્યાબેન નિકુંજભાઇ ખાખી (ઉ.વ.૩૦)(રહે,ભાગ્યોદય સોસાયટી વિભાગ-૧ બંગ્લા સ્ટેન્ડની સામે નરોડા) તા.૧૧/૨/૧૮ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે સતનામ એન્ડ પટેલ વ્રેબીજની સામેના રોડ ઉપર પોતાનું જ્યુપીટર સ્કુટર લઇને પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દિવ્યાબેન ના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દિવ્યાબેન ખાખીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

**નારોલ :** સ્મીતાબેન ડો/ઓ દિનેશભાઇ ચૌહાણ (રહે,સિધ્ધી બંગ્લોઝ પુષ્પકબંગ્લોઝની અંદર ઇસનપુર વટવા રોડ) તા.૧૧/૨/૧૮ રાતના ૦૮/૩૦ વાગ્યાના સુમારે ઇસનપુર વટવા રોડ, મુખીની વાડી સામે રોડ ઉપરથી પસાર થતા હતા દરમ્યાન પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) સ્મીતાબેન ના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સ્મીતાબેન ચૌહાણે નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એસ.પરમાર ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૩૧૦/૧૮**

**રામોલ :** રાકેશકુમાર સ/ઓ રામભગનસિંગ સીંગ (ઉ.વ.૬૩)(રહે,રામેશ્વર રેસીડેંસી, જોહરી એસ્ટેટ પાસે, કઠવાડા નિકોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૨/૧૮ ના કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે શાશ્વત મહાદેવ વિભાગ-૦૨ માં દુકાન નંબર ૩૦/એ ખાતે આવેલ પોતાની કેદાર આઇસ્ક્રીમ એન્ડ પાન પાર્લર નામ ની દુકાનના કાઉન્ટર ના ડ્રોઅરમાંથી, ત્રણ અજાણ્યા ઇસમો રાકેશકુમારની નજર ચુકવી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સોમાજી ચંદાજી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૩૧૧/૧૮**

**આનંદનગર :** રમેશભાઇ સોમાજી ઠાકોર (ઉ.વ.૩૨)(રહે,આનંદ ડેકોરેટર્સ પાસે, જોધપુર ગામ, આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૨/૧૮ રાતનાં ૯/૧૫ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન પ્રેરણાતીર્થ દેરાસર રોડ બાલાજી ગાર્ડન રેસ્ટોરન્ટ પાસે એક સફેદ કલરની ઇનોવા કાર ના અજાણ્યા ચાલકે પોતાના કબજાની કાર પુરઝડપે અને બેદરકારી થી ચલાવી લાવી, રમેશભાઇનાં મોટાભાઇ સુરેશભાઇ સોમાજી ઠાકોર (ઉ.વ.૪૫) ને ટક્કર મારતા, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતાં ફરજ પરના ડૉ.શ્રી એ સુરેશભાઇ ને મૃતજાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.બારડ ચલાવે છે.

**નારોલ :** બાબુભાઇ ચમનભાઇ ઠાકોર (ઉ.વ.૪૫)(રહે,ચોરાવાળો વાસ ગ્યાસપુર ગામ તા.દોસ્કોઇ જી.અમદાવાદ શહેર) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૨/૧૮ નાં કલાક ૧/૧૫ વાગ્યાના સુમારે નારોલ પીરાણા ટોલનાકા ચાર રસ્તા ઉપર સરખેજ વિશાલા તરફ જવાના રોડ ઉપર આરોપી આઇસર ગાડી નંબર જીજે.૧.બી.વાય.૫૯૫૫ ના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને બેદરકારી થી ચલાવી લાવી, ટ્રેક્ટરને ટક્કર મારતાં, ટ્રેકટર ઉપર બેસેલ બાબુભાઇનાં નાનાભાઇ રણછોડભાઇ ચમનભાઇ ઠાકોર (ઉ.વ.૪૦) ને શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ.આઇ.શેખ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૧૨/૧૮**

**અમરાઇવાડીઃ** મંગુબ્હેન રામાભાઇ નાડિયા (ઉ.વ.૬૬) (રહે.શકરીબેનની ચાલી નાડિયાવાસ હાટકેશ્વર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૦/૨/૧૮ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ કોદરભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.